ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ

**રીવાઇઝડ-એકેડેમિક કેલેન્ડર વર્ષ જૂન ૨૦૧૯-૨૦૨૦**

**પરિપત્ર**

પ્રતિ

ગુજરાત યુનિવર્સિટીના વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ અને અધ્યાપકો તેમજ અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ તરફ તથા

વિનયન,વિજ્ઞાન,વાણિજ્ય,શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ..

વિષયઃ ગુજરાત યુનિવર્સિટી એકેડેમિક કેલેન્ડર શૈક્ષણિક.વર્ષ ૨૦૧૯-૨૦.

સંદર્ભઃ (૧)તા.૦૩-૦૪-૨૦૧૯નો પત્રાંક નં.એકેડેમિક/૧૧૨૫/૨૦૧૯ .

(૨)ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના તા.૦૩-૦૭-૨૦૧૯ના પરિપત્રઃપરચ/૨૦૧૮/૬૧/ખ-૧

શ્રીમાન,

આ સાથે શૈ.વર્ષ ૨૦૧૯-૨૦ માટેનું એકેડેમિક કેલેન્ડર નીચે મુજબનું રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | વિગત | દર્શાવેલ સમયગાળામાં અનુસરવાની કાર્યવાહી |
|---|---|---|
| ૧ | પ્રવેશ પ્રક્રિયા | ધોરણ-૧૨ની પરીક્ષાના પરિણામ જાહેર થયાના ૧૫ દિવસમાં પ્રક્રિયા પૂર્ણ કરવી મહત્તમ તા.૧૫-૦૬-૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવી |
| ૨ | પ્રથમ સત્ર (૧૦૭ શૈક્ષણિક દિવસો) | તા.૧૨/૦૬/૨૦૧૯ થી તા.૨૩/૧૦/૨૦૧૯ |
| ૩ | કોલેજની આંતરિક પરીક્ષા | આંતરિક પરીક્ષાઓ અથવા સતત મુલ્યાંકન (સતત મુલ્યાંકન એટલેકે વીકલી ટેસ્ટ,પ્રોજેક્ટ વર્ક,ગ્રુપ ચર્ચા વગેરે)થી લેવી.તા.૨૮-૦૯-૨૦૧૯ સુધીમાં કોલેજોએ/ભવનોએ કાર્યવાહી પૂર્ણ કરવી |
| ૪ | યુનિવર્સિટીની પરીક્ષા | • યુ.જી સેમ ૧,૩ અને ૫ તથા પી.જી સેમ ૧, ૩ ની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તા.૧૦-૧૦-૨૦૧૯થી શરૂ.(પ્રથમ તબક્કો)<br>• યુ.જી સેમ ૬ અને પી.જી ૪ની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તા.૦૪-૧૧-૨૦૧૯ થી શરૂ (રીપીટર) |
| ૫ | દિવાળી વેકેશન(૨૧ દિવસ) | તા.૨૪-૧૦-૨૦૧૯ થી તા.૧૩-૧૧-૨૦૧૯ |
| ૬ | દ્વિતીય સત્ર(૯૪ શૈક્ષણિક દિવસો) | તા.૧૪-૧૧-૨૦૧૯ થી તા.૨૪-૦૪-૨૦૨૦ |
| ૭ | યુનિવર્સિટીની પરીક્ષા | • યુ.જી સેમ ૧,૩ અને ૫ તથા પી.જી સેમ ૧, ૩ ની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તા.૧૮-૧૧-૨૦૧૯થી શરૂ.(દ્વિતીય તબક્કો) |
| ૮ | દ્વિતીય સત્ર આંતરિક પરીક્ષા | આંતરિક પરીક્ષાઓ અથવા સતત મુલ્યાંકન (સતત મુલ્યાંકન એટલે કે વીકલી ટેસ્ટ,પ્રોજેક્ટ વર્ક,ગ્રુપ ચર્ચા વગેરે)થી લેવી.તા.૨૯-૦૨-૨૦૨૦ સુધીમાં કોલેજોએ/ભવનોએ કાર્યવાહી પૂર્ણ કરવી |
| ૯ | યુનિવર્સિટીની પરીક્ષા | • યુ.જી સેમ ૫ અને પી.જી સેમ ૩ની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તા.૦૫-૦૩-૨૦૨૦ થી ૧૪-૦૩-૨૦૨૦ (રીપીટર)<br>• યુ.જી સેમ ૨,૪ અને ૬ તથા પી.જી સેમ ૨,૪ની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તા.૨૩-૦૩-૨૦૨૦થી શરૂ. |
| ૧૦ | ઉનાળુ વેકેશન(૪૯ દિવસો) | તા.૨૫-૦૪-૨૦૨૦ થી તા.૧૩-૦૬-૨૦૨૦ |

વિદ્યાર્થીઓની સજ્જતા પુરેપૂરી કેળવાય અને તેમની શૈક્ષણિક લાયકાત વધતી રહે તે માટે ભવનો,સંલગ્ન કોલેજો અને અનુસ્નાતક કેન્દ્રોમાં ખુબ ગંભીરતાથી આંતરિક પરીક્ષાઓનું આયોજન કરવું અને તે માટે નીચે પ્રમાણેના નિયમો કરવામાં આવ્યા છે.

- વિદ્યાર્થીઓને માટે આંતરિક પરીક્ષાઓ આપવી ફરજીયાત છે.સેમેસ્ટર પધ્ધતિના માળખામાં આંતરિક અને યુનિવર્સિટી પરીક્ષાઓના ગુણનું પ્રમાણ ૩૦:૭૦ રાખવામાં આવેલ છે.
- ઉપરના જણાવેલ સત્રોની તથા આંતરિક પરીક્ષાઓની ગોઠવણી વિનયન,વિજ્ઞાન,વાણિજ્ય ,શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોને,વિવિધ ભવનોને તેમજ બી.બી.એ,બી.સી.એ કોલેજોને લાગુ પડે છે.
- આ પરીક્ષાના પેપર તેના ગુણપત્રકો યુનિવર્સિટીને પરીક્ષાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મોકલવાના રહેશે.
- ભવનો માટે આંતરિક પરીક્ષાઓના પેપરો યુનિવર્સિટી પ્રકાશન વિભાગ દ્વારા છપાવવાના રહેશે.જો એવી સંખ્યા ૫૦ કે તેથી ઓછી હોય તો પૂર્વ મંજુરી મેળવીને ઝેરોક્ષ કરી શકાશે.
- આંતરિક પરીક્ષાનું સુપરવિઝન જે તે વિષયના અધ્યાપકોએ ફરજના ભાગરૂપે કરવાનું રહેશે.
- <u>વિવિધ પ્રવૃત્તિઓ જેવીકે યુથ ફેસ્ટીવલ વગેરેના દિવસો ઓગસ્ટ-સપ્ટેમ્બર દરમ્યાન અનુકુળતા મુજબ તારીખો ગોઠવવી.</u>

કા.કુલસચિવ

નં.એકેડેમિક/૧૦૭૨/૨૦૧૯

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય

અમદાવાદ-૩૮૦૦૦૯. તા24-7-19